# એક જ રાતમાં 362 બાંગ્લાદેશી ઝડપાયા

**6 હજાર** મોબાઇલમાંથી મળ્યાં ચોંકાવનારાં કનેક્શન

**782થી** વધુ શંકાસ્પદ લોકોની પૂછપરછ ચાલુ છે



ગાંધીનગર : ગુજરાત પોલીસે ગેરકાયદે ઘૂસણખોરી સામે અત્યાર સુધીની સૌથી મોટી અને સુનિયોજિત કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યવ્યાપી ‘ઓપરેશન ડેલ્ટા હંટ’ અંતર્ગત માત્ર એક જ રાતમાં 362 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 782થી વધુ શંકાસ્પદ લોકોની પૂછપરછ ચાલુ છે. આ કાર્યવાહી દરમિયાન 6 હજારથી વધુ મોબાઈલ ફોનના વિશ્લેષણમાં પશ્ચિમ બંગાળ સાથેના અનેક કનેક્શન સામે આવ્યા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા દેશભરના રાજ્યોને ગેરકાયદે ઘૂસણખોરો સામે કડક કાર્યવાહી કરવા આપવામાં આવેલી સૂચનાઓ બાદ ગુજરાતમાં ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું છે. ટેક્નોલોજી, સાયબર ઈન્ટેલિજન્સ અને ફિલ્ડ ઓપરેશનના સમન્વયથી હાથ ધરાયેલા આ ઓપરેશનને ગુજરાત પોલીસની ઐતિહાસિક સફળતા તરીકે જોવામાં આવી રહ્યું છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યની સુરક્ષા સામે પડકારરૂપ બનેલા દરેક ગેરકાયદે બાંગ્લાદેશીને શોધી કાઢવામાં આવશે અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેમને બાંગ્લાદેશ ડીપોર્ટ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે ગુજરાતમાં એક પણ ગેરકાયદે બાંગ્લાદેશીને રહેવા દેવામાં આવશે નહીં.

સંઘવીએ વધુમાં કહ્યું હતું કે ગેરકાયદે ઘૂસણખોરોને આશ્રય આપનાર, નોકરી આપનાર અથવા ખોટા દસ્તાવેજો મેળવવામાં મદદ કરનાર તત્વો સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તપાસ દરમિયાન કેટલાક બાંગ્લાદેશી નાગરિકોએ પશ્ચિમ બંગાળના વિસ્તારોમાં ખોટા સ્થાનિક દસ્તાવેજો બનાવી તેના આધારે આધાર કાર્ડ અને અન્ય ઓળખપત્રો મેળવ્યા હોવાની વિગતો પણ સામે આવી છે. રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવના જણાવ્યા અનુસાર, ‘સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ’ દ્વારા તૈયાર કરાયેલા ટેકનિકલ ડેટા અને લોકલ ઈનપુટ્સના આધારે બાંગ્લાદેશના મોબાઈલ નંબરો સાથે સંપર્કમાં રહેલા ભારતીય નંબરોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેના આધારે 6200થી વધુ શંકાસ્પદ લોકોનો ડેટાબેઝ તૈયાર કરીને મેદાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ 155, સુરત શહેરમાંથી 84, અમદાવાદ ગ્રામ્યમાંથી 34, પૂર્વ કચ્છ-ગાંધીધામમાંથી 13 અને ભરૂચમાંથી 12 ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા છે. ધરપકડ કરાયેલા 362 લોકોમાં 103 પુરુષ, 188 મહિલા અને 71 બાળકોનો સમાવેશ થાય છે. પોલીસે ઓપરેશન શરૂ થતાં જ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને હાઈવે સહિતના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પર ખાસ નાકાબંધી ગોઠવી હતી. તેના પરિણામે ભાગવાનો પ્રયાસ કરી રહેલા 18 જેટલા શંકાસ્પદ લોકોને પણ ઝડપી લેવામાં સફળતા મળી હતી.ગુજરાત પોલીસના જણાવ્યા અનુસાર ‘ઓપરેશન ડેલ્ટા હંટ’ હજુ પૂર્ણ થયું નથી. આગામી દિવસોમાં પણ રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં કોમ્બિંગ ઓપરેશન ચાલુ રહેશે અને ગેરકાયદે રીતે વસવાટ કરતા દરેક ઘૂસણખોર સામે કાયદાનો સકંજો વધુ કડક બનાવવામાં આવશે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં સરહદી વિસ્તારોમાં બોર્ડર ફેન્સિંગ માટે જમીન ઉપલબ્ધ થતાં ભવિષ્યમાં ઘૂસણખોરીના બનાવોમાં ઘટાડો થવાની આશા છે. તેમણે ગુજરાત પોલીસની આ કાર્યવાહીને ઐતિહાસિક સફળતા ગણાવી તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મોદી 1063 કરોડથી વધુનાં કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

**ભરૂચ** અને વલસાડમાં ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને નવી દિશા મળશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી 5 જૂનના રોજ ગુજરાતની મુલાકાત દરમિયાન દક્ષિણ ગુજરાત માટે મહત્વપૂર્ણ વિકાસ ભેંટ આપવાના છે. સુરતથી યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન ભારત સરકાર અને ગુજરાત સરકારના કુલ 18,777 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ વિકાસકાર્યોમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) હેઠળ 1063.43 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા 8 મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ પૈકી ભરૂચ જિલ્લામાં 894 કરોડથી વધુના 6 અને વલસાડ જિલ્લામાં 169.30 કરોડના 2 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોથી દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ અને પ્રદૂષિત પાણીના વ્યવસ્થાપનને નવી મજબૂતી મળશે.

**(1) ભરૂચ :** દહેજમાં PCPIR વિસ્તારમાં પ્રદૂષિત પાણીના નિકાલ માટે 474.61 કરોડના ખર્ચે 90 MLD ક્ષમતાની ઓફશોર અને ઓનશોર એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પાઇપલાઇન તૈયાર કરવામાં આવી છે. દહેજ PCPIR વિસ્તારમાં હાલમાં 1,000થી વધુ ઔદ્યોગિક એકમો છે.

**(2) જંબુસર :** બલ્ક ડ્રગ પાર્કમાં 274.96 કરોડના ખર્ચે રોડ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક અને સેન્ટ્રલ ડ્રેન જેવી માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે અને બલ્ક ડ્રગ પાર્કને નવી ગતિ આપશે.

**(3) અંકલેશ્વરઃ** એફ્લુઅન્ટ ટ્રાન્સમિશન પાઇપલાઇન માટે ઇન્ટરમીડિયેટ બૂસ્ટર પમ્પિંગ સ્ટેશન તથા દહેજ-1 ઔદ્યોગિક વસાહતમાં નેચરલ ડ્રેઇન-2ના અપગ્રેડેશનનું પણ લોકાર્પણ કરવામાં આવશે. દહેજમાં પમ્પિંગ સ્ટેશન અને પાનોલીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામોનું લોકાર્પણ કરશે.

**(4) વલસાડ :** સરીગામમાં CETPની ક્ષમતા 15 MLDથી વધારીને 25 MLD કરવામાં આવી છે. તેમજ સમ્પ અને પમ્પિંગ સ્ટેશન સાથે HDPE ઓનશોર અને ઓફશોર આઉટફોલ પાઇપલાઇનનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનું લોકાર્પણ કરવામાં આવશે

## ધોરણ-10 અને 12 ના પરિણામની ગુણ ચકાસણી રિપોર્ટ વેબસાઈટ પર મુકાયો

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી- માર્ચ 2026માં લેવાયેલી ધોરણ 10 અને 12ની પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણીના અંતે સુધારા દર્શાવતો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઇન મૂકવામાં આવ્યો છે. બોર્ડના સત્તાવાર પુત્રોના જણાવ્યા પ્રમાણે અરજી કરેલા ઉમેદવારે પોતાનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ અથવા પરથી તારીખ 13 જુન 2026 સુધી ડાઉનલોડ કરવાનો રહેશે. ગુણ ચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલો હોય તે વિદ્યાર્થીઓના ગુણ પત્રક સંબંધિત શાળાઓએ મોકલી આપવામાં આવશે. આ સુવિધાથી વિદ્યાર્થીઓ ઘરબેઠા જ તેમણે આપેલી પરીક્ષાના ગુણની સમીક્ષા કરી શકશે.

# અમેરિકા અને ઈરાન યુદ્ધવિરામનો મહત્તમ લાભ મેળવવા યુદ્ધ લંબાવી રહ્યા છે

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■




અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામના સમાચારો વચ્ચે પણ યુદ્ધ ચાલુ છે. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ બુધવારે જણાવ્યું હતું કે તેણે ગઈકાલે મોડી રાત્રે અમેરિકાના પાંચમા નૌકાકાફલા અને એક અમેરિકન એરબેઝને નિશાન બનાવ્યું હતું. IRGC કહે છે કે આ એક બદલો લેવા માટેનો હુમલો હતો, કારણ કે અમેરિકાએ તેના ટેલિકોમ એન્ટેના અને ઈરાની તેલ ટેન્કરને નિશાન બનાવ્યું હતું. દરમિયાન યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ કહ્યું કે તેણે અનેક ઈરાની બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનને અટકાવીને તેનો નાશ કર્યો છે. આ પહેલાં અમેરિકાએ દાવો કર્યો હતો કે તેણે ઈરાન તરફ જઈ રહેલા ખાલી તેલ ટેન્કરને નિશાન બનાવ્યું હતું.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈરાને આ ક્ષેત્રના પડોશી દેશો પર અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડી હતી, પરંતુ તેમાંથી કોઈ પણ તેમના લક્ષ્ય સુધી પહોંચી શકી ન હતી. અમેરિકાએ દાવો કર્યો હતો કે કુવૈત પર છોડવામાં આવેલી બે મિસાઇલો કાં તો ક્રેશ થઈ ગઈ હતી અથવા તેમના લક્ષ્ય સુધી પહોંચતાં પહેલાં જ નાશ પામી હતી અને બહેરીન પર છોડવામાં આવેલી ત્રણ અન્ય મિસાઇલોને અમેરિકન અને બહેરીની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા ઝડપથી અટકાવી દેવામાં આવી હતી. ઈરાની સૂત્રોએ દાવો કર્યો છે કે કુવૈતમાં ઓછામાં ઓછા ત્રણ વિસ્ફોટ થયા છે અને એક અમેરિકન પેટ્રિઅટ સિસ્ટમ નિષ્ક્રિય થઈ ગઈ છે. સેન્ટકોમના નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે થોડી મિનિટો પહેલાં અમેરિકી દળોએ ઈરાન દ્વારા આ વિસ્તારમાંથી પસાર થતાં નાગરિક જહાજો પર છોડવામાં આવેલાં ત્રણ આત્મઘાતી ડ્રોનને તોડી પાડ્યાં હતાં. સેન્ટકોમે જણાવ્યું હતું કે અમેરિકન સેનાએ સ્વ-બચાવમાં કેશમ ટાપુ પર ઈરાની લશ્કરી ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને નિશાન બનાવ્યું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે વર્તમાન યુદ્ધવિરામ દરમિયાન તેનાં દળો સતર્ક રહેશે અને ઈરાન દ્વારા ઉશ્કેરણી વિનાના આક્રમણનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ રીતે યુદ્ધવિરામ પૂર્વેનું યુદ્ધ ચાલી રહ્યું છે.

દરમિયાન અમેરિકા અને ઈરાન બંનેએ સંકેત આપ્યો છે કે તેઓ ૮ એપ્રિલે જાહેર કરાયેલા યુદ્ધવિરામ પછી બંધ થયેલ યુદ્ધ ફરી શરૂ કરવા માંગતા નથી. બંને વચ્ચે નિયમિત સમયાંતરે લશ્કરી અથડામણો થવા છતાં પાકિસ્તાન, કતાર અને કેટલાક અન્ય દેશોની મધ્યસ્થી હેઠળ ચાલી રહેલી વાટાઘાટો અટકી નથી. અમેરિકા પાસે હજુ પણ શક્તિશાળી નૌકાદળ અને વાયુસેના છે જે ઈરાન પર હુમલો કરવા સક્ષમ છે. એવું માની શકાય છે કે ઈરાની શાસને તેનાં દળોને હાઈ એલર્ટ પર રાખ્યાં છે અને અમેરિકન તથા ઇઝરાયલી હુમલાઓથી થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે યુદ્ધવિરામનો ઉપયોગ કરી રહ્યું છે. તે કદાચ આનો ઉપયોગ પોતાની લશ્કરી વ્યવસ્થાને ફરીથી મજબૂત કરવા માટે પણ કરશે. ગલ્ફ ક્ષેત્રમાં લશ્કરી તણાવ બંને પક્ષો માટે ગેરસમજનું નોંધપાત્ર જોખમ ઊભું કરે છે. અમેરિકા ઈરાન પર દબાણ જાળવી રાખવા માંગે છે જેથી તેને છૂટછાટો આપવાની ફરજ પડે. આ માટે અમેરિકા પોતાની હુમલો કરવાની ક્ષમતાનું પ્રદર્શન કરી રહ્યું છે.

ઈરાન અમેરિકાને સંદેશ આપી રહ્યું છે કે તેનો પ્રતિકાર કરવાનો સંકલ્પ નબળો પડ્યો નથી. જો જરૂરી હોય તો તે આરબ દેશોમાં અમેરિકન બેઝના માળખાને નિશાન બનાવી શકે છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના કોઈ પણ વ્યાપક કરારનો પ્રથમ ઉદ્દેશ શું હશે. તેનો ઉદ્દેશ યુદ્ધવિરામ જાળવી રાખવાનો અને વધુ વાટાઘાટો માટે એજન્ડા પર સમજૂતી-પત્ર તૈયાર કરવાનો રહેશે, પરંતુ આ લક્ષ્ય સુધી પહોંચવું સરળ લાગતું નથી.

ઇઝરાયલે જાહેરાત કરી છે કે તેનાં બોમ્બર વિમાનો ફરીથી બેરૂત પર હુમલો કરશે, જેનાથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિકલ્પો વધુ મર્યાદિત થઈ ગયા છે. ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂને ચિંતા નહીં હોય કે લેબનોનમાં તેમની નવી લશ્કરી કાર્યવાહીથી અમેરિકા અને ઈરાન વચ્ચેનો સોદો વધુ મુશ્કેલ બની શકે છે. તેઓ શરૂઆતથી જ ઈરાન સાથે યુદ્ધવિરામના પક્ષમાં નહોતા. તેમના માટે અમેરિકા અને ઈરાન વચ્ચેનો કોઈ પણ કરાર ખરાબ કરાર છે. ઈરાન હજુ પણ લેબનોનમાં તેના સાથી અને પ્રતિનિધિ સંગઠન હિઝબુલ્લાહને સમર્થન આપે છે. ઈરાને સંકેત આપ્યો છે કે અમેરિકા સાથેના કોઈ પણ મોટા કરારમાં ઇઝરાયલી લશ્કરી કાર્યવાહીનો અંત પણ સામેલ હોવો જોઈએ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલને સંયમ રાખવા કહ્યું છે.

હોર્મુઝ સ્ટ્રેટની વાત કરીએ તો ઈરાન તેને ફરીથી ખોલવાના બદલામાં મોટી કિંમત મેળવવા માંગે છે. આ કિંમત પ્રતિબંધોમાંથી રાહત અથવા તેની સ્થિર સંપત્તિ મુક્ત કરવાના સ્વરૂપમાં હોઈ શકે છે. ગંભીર વાટાઘાટો શરૂ કરવા માટે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવું જરૂરી માનવામાં આવે છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓ બાદ ઇરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું હતું. હવે બહુ ઓછાં જહાજો આ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પરથી પસાર થઈ શકે છે.

સાઉદી અરેબિયા રાતા સમુદ્રનાં બંદરો સુધી પાઇપલાઇન દ્વારા કેટલાક તેલનું પરિવહન કરી રહ્યું છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) પાસે પણ એક પાઇપલાઇન છે જે હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓમાનના અખાત પરના તેના ટર્મિનલ્સ સુધી તેલનું પરિવહન કરે છે. આમ છતાં, વિશ્વ સામાન્ય પુરવઠાની તુલનામાં આશરે ૨૦ ટકા તેલ અને ગેસની અછતનો સામનો કરી રહ્યું છે. અન્ય આવશ્યક નિકાસને પણ અસર થઈ છે. જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે, તો તેની અસર સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર પર પડશે. ભલે અમેરિકા હવે પહેલાં જેટલું ગલ્ફના ઓઇલ પર નિર્ભર નથી, તેમ છતાં ત્યાં પેટ્રોલના ભાવ હજુ પણ આંતરરાષ્ટ્રીય બજાર દ્વારા નક્કી થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયેલા છે. તેમણે યુદ્ધ શરૂ કર્યું હતું અને એવું માનીને યુદ્ધ શરૂ કર્યું હતું કે તે એક સરળ જીત હશે, પરંતુ હવે તેઓ તેનાં પરિણામોનો સામનો કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના નજીકના સાથી બેન્જામિન નેતન્યાહૂએ ધાર્યું હતું કે તેમની વાયુસેનાની તાકાત ઈરાનના ઇસ્લામિક શાસનને ઉથલાવી પાડવા માટે પૂરતી હશે, પરંતુ તેમની ગણતરી ખોટી સાબિત થઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પની હાલત સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ છે. તેમની પાસે આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ સરળ રસ્તો નથી અને ઈરાની સરકાર પણ ઇચ્છે છે કે પરિસ્થિતિ એવી જ રહે. ઈરાન સામેનું યુદ્ધ અમેરિકામાં ખૂબ જ અપ્રિય છે અને જો તે ફરીથી ઉગ્ર બનશે, તો વધુ અમેરિકનો તેની વિરુદ્ધ જશે. ડોનાલ્ડ ટ્રમ્પની સમસ્યા એ છે કે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે ઈરાન જે છૂટછાટો માંગશે તેનો તેમના પોતાના રિપબ્લિકન પાર્ટીના કટ્ટરપંથી નેતાઓ દ્વારા વિરોધ કરવામાં આવશે. વધુમાં, ટ્રમ્પ પોતે આ સંઘર્ષને પોતાની જીત તરીકે રજૂ કરવા માંગે છે, જે તેમની મુશ્કેલીઓમાં વધારો કરે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન સાથે કરેલા કોઈ પણ કરારની સરખામણી ૨૦૧૫માં બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન થયેલા પરમાણુ કરાર સાથે કરવામાં આવે તે માટે ખૂબ જ અનિચ્છા ધરાવે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તે કરારની આકરી ટીકા કરી હતી અને તેમના પહેલા કાર્યકાળ દરમિયાન અમેરિકાને તેમાંથી બહાર કાઢ્યું હતું. ઈરાનમાં સત્તા પર બેઠેલાં લોકો માને છે કે તેઓ તેમની સરકાર અને શાસનના અસ્તિત્વ માટે લડી રહ્યા છે. એ વાત લગભગ સ્પષ્ટ છે કે જો અમેરિકા અને ઇઝરાયલ વધુ હવાઈ હુમલા કરે તો પણ ઇરાન તેના વલણથી પાછળ હટવાનું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની સર્વોપરિતા સાબિત કરવા આ યુદ્ધમાં ઊતર્યા હતા, પણ યુદ્ધમાં પછડાટને કારણે અમેરિકાની આબરૂના કાંકરા થઈ ગયા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઈરાન અમેરિકાને સંદેશ આપી રહ્યું છે કે તેનો પ્રતિકાર કરવાનો સંકલ્પ નબળો પડ્યો નથી. જો જરૂરી હોય તો તે આરબ દેશોમાં અમેરિકન બેઝના માળખાને નિશાન બનાવી શકે છે**

# BUSINESS મિત્ર

**આઇટી શેરો ઉછળ્યા બાદ ધડામ : નિફ્ટીએ 23400ની સપાટી ટકાવી રાખી, સેન્સેક્સમાં 303 પોઇન્ટનો ઘટાડો**

## ક્રુડની તેજી અને આઇટીની પીછેહઠથી શેરબજારમાં નરમાઈ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3:** ભારતીય શેરબજારમાં ક્રુડ ઓઈલના ઉંચા ભાવ અને મીડલ ઈસ્ટના વધુ તણાવના પગલે ભારે વેચવાલીનું દબાણ રહ્યું હતું. જે છેલ્લા ત્રણ દિવસથી આઈટી શેરોમાં મજબૂતાઇ બાદ આજે જોરદાર વેચવાલી રહી હતી અને આઈટી શેરોની આગેવાનીના દબાણની અસર થતા શેરબજારમાં સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, નિફ્ટી 23400ની સપાટી ટકાવી રાખવામાં સફળ રહી હતી. લાર્જ કેપની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ શેરોનું નબળું પ્રદર્શન જોવાયું હતું.

મીડલ ઈસ્ટમાં ફરી એકવાર તણાવ વધી જવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને તની પાછળ રૂપિયો વધુ નબળો પડ્યો હતો અને તેની અસર ભારતીય શેરબજારમાં જોવા મળી હતી. જોકે, મિડ સેશન બાદ થોડોક સુધારો રહ્યો હતો પણ છેલ્લે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. સેકટર વાઈઝ જોઈએ તો આઈટી, રિયલ્ટી અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો અને બેન્કીંગ અને ફાઈનાન્સીયલ શેરોમાં ઘટાડો થયો છે.

### ભૂરાજકીય તણાવના પગલે રૂપિયો વધુ તુટયો

કરન્સી બજારમાં ભુરાજકીય તણાવના પગલે રૂપિયો વધુ તુટયો હતો. ડોલરની સામે રૂપિયો 43 પૈસા તૂટીને 95.71ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.28ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 111.27, પાઉન્ડ 129.32, કેનેડિયન ડોલર 68.84, ઓસ્ટ્રેલિયન ડોલર 68.90, જાપાનીઝ યેન 0.5987 અને સીંગાપોર ડોલર 74.76ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.71 રૂ. |
| યુરો | 111.27 રૂ. |
| પાઉન્ડ | 129.32 રૂ. |
| યેન | 0.5988 રૂ. |

એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ મે મહિનામાં 58.9ના પ્રારંભિક અદાંજ અ એપ્રિલમાં 58.8ના અંતિમ વાંચનથી સુધારીને 59.8 કરવામાં આવી હતી. તેમ છતાં નવીનતમ ગત નવેમ્બર પછીનો સૌથી વધુ મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

બીએસઈ સેન્સેક્સ 303.67 પોઈન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 74346.17 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74515 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73492 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 77.95 પોઈન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 23405.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બેન્ક નિફ્ટી 471.30 પોઈન્ટ એટલે કે 0.88 ટકા વધીને 54185.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કોન્કર્ડ બાયોટેક 9.35 ગણા, ડીવીસ લેબમાં 7.15 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 4.59 ગણા, મેગ્લોર રિફાઇનરીમાં 3.76 ગણા અને આલ્કાઈલ એમીનીઝમાં 3.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કોન્કોર્ડ બાયોટેકમાં 14.12 ગણા, મેગરોલર રિફાઇનરીમાં 7.07 ગણા, કારટ્રેડ ટેકમાં 5.18 ગણા, આઈએફસીઆઈ લિ.માં 5.14 ગણા અને આરએચઆઈ મેગ્નેસીતામાં 5.08 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન રહ્યું હતું. જેથી બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.50 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.01 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 1814 શેરો વધ્યા હતા, જ્યારે 2398 શેરો ઘટ્યા હતા અને 183 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 5.57 ટકા ઘટ્યો છે. જે ત્રણ ટ્રેડિંગ સેશનમાં 7.64 ટકાનો ઉછાળો આવ્યો હતો. જેમાં ટીસીએસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, એલટીએમ, કોફોર્જ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનો, એમફાસીસ, ઈન્ફોસીસ, ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફ્ટવેર અને વિપ્રો ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે 60 દેશો પર નવા ટેરિફ લાદવાના યુએસની દરખાસ્તોની અસર યુરોપિયન બજારોમાં ઘટાડા તરફી વલણ રહ્યું હતું. મીડલ ઈસ્ટના સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી યુએસ-ઈરાન વાટાઘાટો પર રોકાણકારો સારૂં પ્રદર્શન જોવાયું હતું, જેના લીધે એશિયન બજારોમાં સુધારો જોવાયો હતો. વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે તણાવ વધ્યો છે, વિદેશ મંત્રી માર્કો રૂબપિઓએ કહ્યું કે, ઈરાને હોર્મુઝની ખાડીની સમસ્યા ધીમે ધીમે દુર થઈ રહી છે. યુરોપિયન બજારોમાં એપટીએસઈ 0.25 ટકા, કેક 0.22 ટકા અને ડેક્સ 1.01 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશઈયન બજારમાં નીક્કી 2.89 ટકા, સ્ટ્રેઈટસ 0.79 ટકા, તાઈવાન 1.94 ટકા, શાંઘાઈ 0.22 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.61 ટકા અને જકાર્તા 4.28 ટકા બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -303.67 | 74346.17 |
| નિફ્ટી | -77.95 | 23405.60 |
| બેન્ક નિફ્ટી | 471.30 | 54185.95 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 2.48 | 8290.50 |
| ટીએમપીવી | 2.04 | 398.15 |
| મેક્સ હેલ્થકેર | 1.78 | 965.55 |
| એસબીઆઇ | 1.44 | 970.45 |
| ICICI બેન્ક | 1.26 | 1242.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 8.39 | 2241.70 |
| ટેક મહિન્દ્રા | 6.31 | 1472.30 |
| એચસીએલ ટેકનો | 5.19 | 1179.00 |
| ઇન્ફોસીસ | 3.79 | 1222.60 |
| વિપ્રો | 2.74 | 204.10 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 1.57 | 4536.80 |
| એસબીઆઇ | 1.43 | 971.00 |
| ICICI બેન્ક | 1.30 | 1242.35 |
| ટ્રેન્ટ | 1.13 | 4258.10 |
| પાવરગ્રીડ | 1.01 | 285.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 8.43 | 2241.70 |
| ટેક મહિન્દ્રા | 6.23 | 1473.05 |
| એચસીએલ ટેકનો | 5.25 | 1178.50 |
| ઇન્ફોસીસ | 3.82 | 1222.20 |
| આઇટીસી | 2.21 | 276.95 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ ’’ | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૦૦૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૨૦૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૬૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૦૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૮૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૯૭૦૦ |

## ઇનસાઇડર ટ્રેડિંગ અને ગેરરીતિના આક્ષેપોથી ઇન્ડસઇન્ડ બેન્કના શેરમાં કડાકો

**PMO** અને RBI સુધી પહોંચી ફરિયાદ, રૂ.૪૬ કરોડના કથિત નફાના આરોપો વચ્ચે બેન્કે આક્ષેપો નકાર્યા

મુંબઇ, તા. 3: ઈનસાઈડર ટ્રેડિંગના અહેવાલની અસરના પગલે ઈન્ડસઈન્ડ બેન્કમાં આજે ઘટાડો જોવાયો હતો. એક બાતમીદારે પીએમઓ અને આરબીઆઈ સહિત ઘણા નિયમનકારોને ખાનગી બેન્ક વિરૂદ્ધ ફરિયાદ કરી છે. ફરિયાદમાં ખાનગી બેન્કમાં આંતરિક વેપાર અને કોર્પોરેટ ગવર્નન્સની ક્ષતિના આક્ષેપોની તપાસની માગ કરવામાં આવી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, આ કથિત મુદ્દાઓની સમીક્ષા કરવા માટે ફરિયાદ અનેક અદિકારીઓને મોકલવામાં આવી છે.

બાતમીદારની ફરિયાદ અન્ય ઘણી એજન્સીઓને પણ મકોલવામાં આવી છે. જેમાં ગંભીર છેતરપીંડી તપાસ ઓફિસ, નેશનલ ફાઈનાન્સીયલ રિપોર્ટીંગ ઓથોરિટી અને અન્ય એજન્સીઓનો સમાવેશ થાય છે. રિપોર્ટ કહેવામાં આવ્યું છે કે ફરિયાદમાં અધિકારીઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ બેન્કમાં ઈનસાઈડર ટ્રેડિંગ, કોર્પોરેટ ગવર્નન્સમાં નિષ્ફળતા અને બેન્કની ફોરેન્સિક સમીક્ષા અને ઓડિટ સમીક્ષામાં સંભવિત ખામીઓની તપાસ કરે. બેન્કે 2000 કરોડ રૂપિયાના ડેરિવેટિવ્ઝમાં ગેરરીતિઓ શોધી કાઢ્યા બાદ આ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

બાતમીદારે આરોપ લગાવ્યો છે કે સમીર અગ્રવાલ જે અગાઉ બેંકના પૂર્વ ભારત ક્ષેત્રના વડા હતા, તે ઈનસાઈડર ટ્રેડિંગમાં સામેલ હતા. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે નાણાકીય રેકોર્ડમાં હેરાફેરી કરવામાં આવી હતી, ઓડિટના પરિણામોને દબાવવામાં આવ્યા હતા, અને વરિષ્ઠ મેનેજમેન્ટ અને બોર્ડના સભ્યો દ્વારા કથિત ગેરરીતિઓને છુપાવવાનો અથવા છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તમામ આક્ષેપો બાતમીદારની ફરિયાદમાં કરવામાં આવ્યા છે, અને ફરિયાદમાં આ બાબતોની તપાસની માંગ કરવામાં આવી છે. એટલું જ નહીં સમીર અગ્રવાલ અને પરિવારના સભ્યો, સંબંધિત સંસ્થાઓ દ્વારા રૂ. 815 કરોડના શેર ટ્રાન્ઝેકશન દ્વારા લગભગ રૂ. 46 કરોડનો નફો કર્યો છે. જોકે, બેન્કે આ આક્ષેપોને નકારી કાઢ્યા છે.

## સુઝલોન ફુલ સ્ટેક રિન્યુએબલ સોલ્યુશન્સ કંપની બનશે

**નબળા** પરિણામો છતાં બ્રોકરેજ ફર્મ ‘UBS’નું ‘બાય’ રેટિંગ યથાવત

મુંબઈ, તા. 3: સુઝલોન એનર્જીના શેર આજે ફ્લેટ ટ્રેડ કરી રહ્યા છે. હાલમાં તે રૂ. 54.52ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. આ સંદર્ભમાં સુઝલોન ગ્રુપના સીઈઓ અજય કપૂરે જણાવ્યું હતું કે, માત્ર વિન્ડ ટર્બાઈન જ નહીં, હવે કંપની ફુલ સ્ટેક રિન્યુએબલ સોલ્યુશન્સ કંપની બનવાની તૈયારી કરી રહી છે. જ્યાં તમામ ગ્રીન સોલ્યુશન્સ એક જ છત નીચે મળશે. કંપની વિન્ડ પ્લસ સોલર પ્લસ સ્ટોરેજ તરફ આગળ વધી રહી છે. કંપનીએ નવા અને ઉચ્ચ મુલ્યના બિઝનેસ મડલ્સ પર ભાર મુક્યો છે.

2031 સુધી કંપનીના મેગા પ્લાન વિશે વાત કરતા અજય કપૂરે કહ્યું હતું કે કંપની 2031 સુધીમાં કુલ ઓર્ડર બુક વધારીને 15 ગીગાવોટ કરવાની યોજના ધરાવે છે. કુલ એસેટ મેનજમેન્ટને ચાર ગણો વધારીને 70 ગીગાવોટ કવરાનો લક્ષ્યાંક છે. આ સમયગાળામાં રિન્યુએબલ એનર્જીનું વાર્ષિક વેચાણ ચાર ગણું વધીને 10 ગીગાવોટ થવાની તૈયારીમાં છે.

કંપની માર્કેટ લીડર બનવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કંપની વિન્ડ માર્કેટમાં 40 ટકા હિસ્સો ધરાવે છે. વૈશ્વિક બજારમાં પ્રવેશ અંગે તેમણે કહ્યું કે, વર્ષ 2031 સુધીમાં નિકાસમાંથી 3 ગીગાવોટના નવા ઓર્ડર મેળવવાની યોજના છે. કંપની હવે બેટરી સ્ટોરેજ બિઝનેસમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે. બુદ્ધિશાળી સ્ટોરેજ બનાવવા માટે 2027 સુધીમાં મેન્યુફેકચરીંગ પ્લાન્ટ સ્થાપવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

જોકે સુઝલોનના ચોથા કવાર્ટરના પરિણામો અપેક્ષા કરતા નબળા હોવાથી યુબીએસએ તેની લક્ષ્ય કિંમતમાં ઘટાડો કર્યો છે. જોકે, બ્રોકરેજ કંપનીની લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ પર સકારાત્મક દ્રષ્ટિકોણ જાળવી રાખ્યો છે.